દિવાળી વેકેશનમાં કારીગરો વતન જતાં APMCમાં શાકભાજીના ભાવ તૂટ્યા

ટામેટાં, ગુવાર, ચોળી અને કોબીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો, ખેડૂતોને ભાવમાં ફટકો

સુરતઃ દિવાળી વેકેશનને પગલે સુરતના ટેક્સટાઇલ અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લાખો કારીગરો પરિવાર સાથે વતન ભણી રવાના થતાં શહેરમાં શાકભાજીની માંગમાં મોટો ઘટાડો નોંધાયો છે. તેની સીધી અસર સુરત એપીએમસીના જથ્થાબંધ શાકભાજી બજાર પર જોવા મળી રહી છે.

બજારમાં શાકભાજીની આવક સામે માંગ ઓછી રહેતાં અનેક શાકભાજીના ભાવમાં ભારે ઘટાડો થયો છે. ખાસ કરીને ટામેટાં, ગુવાર, ચોળી, સરગવો અને કોબીના ભાવમાં મોટો ઘટાડો નોંધાતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે.

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખ (રાજા બાબુ)એ જણાવ્યું હતું કે, ઉત્તર ભારત અને સૌરાષ્ટ્ર તેમજ અન્ય પરપ્રાંતિયો દિવાળીમાં વતન જતા હોય છે. આ પરિણામે શહેરની વસતી અને શાકભાજીની દૈનિક વપરાશમાં ઘટાડો થાય છે. બીજી તરફ ખેડૂતોના ખેતરોમાં શાકભાજીનો નવો માલ તૈયાર થઈ રહ્યો હોવાથી તેઓ મોટા પ્રમાણમાં જથ્થાબંધ બજારમાં માલ ઠાલવી રહ્યા છે. આમ, પુરવઠો યથાવત્ રહેવા છતાં માંગ ઘટતાં બજારમાં ભાવ દબાણ હેઠળ આવ્યા છે.

બાબુભાઈ શેખે વધુમાં જણાવ્યું હતું કે, તા.ગત 6 ઓક્ટોબર અને 6 નવેમ્બર, 2026ના જથ્થાબંધ ભાવની સરખામણી કરીએ તો અનેક શાકભાજીમાં મોટો ઘટાડો જોવા મળે છે. જોકે, વટાણાના ભાવમાં ઊલટો વધારો નોંધાયો છે.

ગુવારમાં 70 ટકાથી વધુ ઘટાડો

એક મહિનામાં ગુવારના ભાવ રૂ.1500થી 2000ની સપાટી પરથી ઘટીને રૂ.400થી 550 થયા છે. ટામેટાંના ભાવ પણ રૂ.500થી 650માંથી ઘટીને રૂ.100થી 160 થયા છે. બીજી તરફ વટાણાના ભાવમાં વધારો નોંધાયો છે.

કઈ શાકભાજીના ભાવમાં કેટલો ઘટાડો?

શાકભાજી	6 ઓક્ટોબર	6 નવેમ્બર
ભીંડા	800-1200	500-700
રીંગણ	400-550	350-450
ગુવાર	1500-2000	400-550
પાપડી	1400-1500	1110-1200
ચોળી	1000-1100	400-600
ટામેટાં	500-650	100-160
આદુ	2400-2700	2300-2400
ડુંગળી	900-1000	850-950
સરગવો	200-1700	500-900
બટાકા	200-300	200-300
મરચાં	600-800	460-500
કોબી	160-200	60-100
ફ્લાવર	200-260	160-200
ટીંડોળા	500-600	400-500
દૂધી	200-300	160-200
તુવેર	1000-1100	700-800
વટાણા	1500-2000	2000-2600

CMO- હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો મેઈલ આવ્યો

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને દેશનાં મંદિરોને પણ નિશાન બનાવવાની ધમકી, એજન્સીઓ એલર્ટ

એજન્સીઓએ તપાસ કરી પરંતુ કશું મળ્યું નહીં

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઈલ મળતાં રાજ્યની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. 6 નવેમ્બર, 2026ના રોજ સવારે 8.43 વાગ્યે મોકલવામાં આવેલા આ ધમકીભર્યા ઈ-મેઈલમાં ગુજરાત હાઈકોર્ટ ખાતે બપોરે 1.11 વાગ્યે બોમ્બ વિસ્ફોટ કરવાની ચીમકી આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમ તાત્કાલિક ગુજરાત હાઈકોર્ટ ખાતે પહોંચી તપાસ હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો આ ઈ-મેઈલ barracksb@gmail.com પરથી મોકલવામાં આવ્યો હતો. તેની નકલો ગુજરાત હાઈકોર્ટના સંબંધિત સત્તાવાળાઓ સહિત અન્ય ઈ-મેઈલ સરનામાં પર પણ મોકલવામાં આવી હતી. ધમકીભર્યા સંદેશમાં ગુજરાત હાઈકોર્ટ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલય અને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે.

આ ઈ-મેઈલમાં આગામી 21 નવેમ્બરના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજનારા દિલજીત દોસાંઝના કાર્યક્રમ દરમિયાન IED બ્લાસ્ટ કરીને હુમલો કરવાની ધમકીનો પણ ઉલ્લેખ છે. આ ઉપરાંત અમિતાભ બચ્ચનના નિવાસસ્થાનને નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

આ ધમકીભર્યા ઈ-મેઈલમાં 8 નવેમ્બરથી 27 નવેમ્બર દરમિયાન અલગ-અલગ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી છે. અયોધ્યા, કાશી અને મથુરાનાં મંદિરોને નિશાન બનાવવાની સાથે 9 નવેમ્બરથી 11 નવેમ્બર દરમિયાન મંદિરોમાં નહીં જવાની ચેતવણી પણ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. ઈ-મેઈલમાં ખાલિસ્તાન નેશનલ આર્મી (KNA) અને બબ્બર ખાલસા સંગઠનનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નવેમ્બર 1984માં થયેલાં શીખ વિરોધી રમખાણોનો બદલો લેવાની વાત પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અગાઉ ગુજરાત હાઈકોર્ટને અગાઉ પણ બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ મળી ચૂકી છે. 3 નવેમ્બરના રોજ પણ આવી જ ધમકી મળી હતી, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં પણ હાઈકોર્ટને નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી હતી. વારંવાર મળી રહેલી આવી ધમકીઓને પગલે સુરક્ષા વ્યવસ્થાને લઈને ચિંતા વધી છે. હાલ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ધમકીભર્યા ઈ-મેઈલની ગંભીરતાથી તપાસ હાથ ધરવામાં આવી છે.

બાળકોની સુરક્ષાની હેલ્પલાઈન ૧૦૯૮ પર 1 માસમાં ૭૪ કોલ

કલેક્ટર તેજસ પરમારે ચાઈલ્ડ હેલ્પલાઈન યુનિટની નવી કચેરીનો પ્રારંભ કરાવ્યો

બાળમજૂરી, બાળવિવાહથી માંડીને શોષણ અને સંકટમાં મુકાયેલાં બાળકોને ૨૪ કલાક મદદ મળશે

સુરતઃ સુરતનાં બાળકોની સુરક્ષા અને સંરક્ષણ માટે જિલ્લા સેવાસદન ખાતે ચાઈલ્ડ હેલ્પલાઈન યુનિટની નવી કચેરી શરૂ કરવામાં આવી છે. ધનતેરસના અવસરે કલેક્ટર તેજસ પરમારે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી આ કચેરીનો શુભારંભ કરાવ્યો હતો.

બાળકોની મુશ્કેલીના સમયે તાત્કાલિક મદદ મળી રહે તે માટે ૧૦૯૮ હેલ્પલાઈન ચોવીસ કલાક કાર્યરત છે.

ઓક્ટોબર મહિનામાં આ હેલ્પલાઈન પર ૭૪ કોલ મળ્યા હોવાનું કલેક્ટરે જણાવ્યું હતું. બાળકોની સુરક્ષા માટે ૧૦૯૮ ઉપરાંત ૧૧૨ નંબર પર પણ સંપર્ક કરી શકાશે. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની મિશન વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્યરત ૧૦૯૮ હેલ્પલાઈન જુવેનાઈલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ હેઠળ ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત ધરાવતાં બાળકોને સહાય પૂરી પાડે છે. બાળમજૂરી, બાળવિવાહ, ગુમ થયેલાં કે મળી આવેલાં બાળકો, શોષણ, હિંસા, ત્યજાયેલાં બાળકો તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળકોની મદદ માટે આ સેવા ઉપલબ્ધ છે.

બાળક પોતે, માતા-પિતા, વાલી, પડોશી, સગાંસંબંધીઓ, શિક્ષકો કે કોઈપણ જવાબદાર નાગરિક આ હેલ્પલાઈન પર જાણ કરી શકે છે. જરૂરિયાત મુજબ તબીબી અને કાનૂની સહાય, આશ્રય, મનોસામાજિક સમર્થન અને પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવે છે. મળતા કોલને ઈમરજન્સી, નોન-ઈમરજન્સી અને માહિતીલક્ષી એમ ત્રણ શ્રેણીમાં વહેંચી સંબંધિત વિભાગો સાથે સંકલન કરાય છે. ૧૧૨ સાથેના સંકલનથી ઝડપી પ્રતિસાદ મળે છે.

પતિ સાથે અણબનાવ બાદ મહિલા તબીબે લેક ગાર્ડનમાં ઝેર પી લીધું

આઠ મહિના પહેલા ભાવનગરના તબીબ સાથે લગ્ન થયાં હતાં

બે મહિનાથી પિયર રહેતી 25 વર્ષીય જાનવીએ ભાઈને ફોન કરી જાણ કરી હતી

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલા લેક ગાર્ડનમાં ગુરુવારે સાંજે 25 વર્ષીય BHMS મહિલા તબીબે ઝેરી દવા પી લેતા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મૂળ અમરેલી જિલ્લાના તલાલાની વતની અને હાલમાં વરાછાના અશ્વનિકુમાર રોડ પર આવેલા લક્ષ્મીનારાયણ એપાર્ટમેન્ટમાં રહેતી 25 વર્ષીય જાનવી અશોક વાઘેલા ગુરુવારે સાંજે કતારગામના લેક ગાર્ડનમાં હતી. આ દરમિયાન તેણે ઝેરી દવા પી લીધી હતી. ત્યારબાદ પોતાના ભાઈને ફોન કરીને બનાવની જાણ કરી હતી. જેથી ભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને જાનવીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જોકે, ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જાનવી BHMS ડોક્ટર હતી અને આઠ મહિના અગાઉ તેના લગ્ન ભાવનગરના એક તબીબ સાથે થયા હતા. જોકે, બે મહિના પહેલાં પતિ સાથે કોઈ કારણસર અણબનાવ થતાં તે વરાછા ખાતે પિયર આવી ગઈ હતી. ત્યારબાદ તે કોઈ કારણસર માનસિક તણાવમાં રહેતી હોવાનું જાણવા મળ્યું છે. પરિવારમાં તેને એક ભાઈ છે.

આ બનાવ અંગે કતારગામ પોલીસ મથકના PSIએ જણાવ્યું હતું કે, હાલ પ્રાથમિક વિગતો સિવાય વધુ માહિતી આપી શકાય તેમ નથી. નિવેદનો અને તપાસ બાદ જ બનાવ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે.

રોસવાડમાં એસિડ ટેન્કર પાછળ ટ્રક અથડાતાં ડ્રાઈવરનું મોત

એસિડ ભરેલા ટેન્કરે અચાનક બ્રેક મારતાં બનેલી ઘટના

માંડવીઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર રોસવાડ ગામની સીમમાં ગત શુક્રવારે વહેલી સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આગળ જઈ રહેલા એસિડ ભરેલા ટેન્કરે અચાનક બ્રેક મારતાં તેની પાછળ આવી રહેલી માલવાહક ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ટ્રકના ડ્રાઈવરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે ટેન્કરમાંથી એસિડ છાંટા ઊડવાથી તેઓ આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા.

જામનગરથી રિલાયન્સ કંપનીના દાણા ભરીને એક ટાટા ટ્રક નં.(GJ-11-VV-8739) હૈદરાબાદ તરફ જઈ રહી હતી. આ ટ્રક ઉપર ડ્રાઈવર તરીકે રજાક યુનુસભાઈ રાજા (ઉં.વ.૩૩) અને ક્લીનર તરીકે મોહસીન રઝા સવાર હતા.

ગત તા.૬/૧૧/૨૦૨૬ના રોજ વહેલી પરોઢે આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે જ્યારે આ ટ્રક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર રોસવાડ ગામની સીમ પાસેથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન તેની આગળ મહિન્દ્રા કંપનીનું એસિડ ભરેલું ટેન્કર નં.(MH-48-DC-7239) જઈ રહ્યું હતું. ટેન્કરના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી અચાનક બ્રેક મારી દેતા પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક ટેન્કરના પાછળના ભાગ સાથે જોરદાર અથડાઈ હતી. આ ટક્કરને કારણે ટ્રકનો આગળનો ભાગ સંપૂર્ણપણે છુંદાઈ ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે ટેન્કરમાંથી એસિડ ઊડીને ટ્રક ડ્રાઈવર રજાક યુનુસભાઈ રાજાના આખા શરીરે અને બંને પગે ગંભીર ઈજા પહોંચી હતી. ઉપરાંત ટ્રકમાં રહેલા ક્લીનર મોહસીન રઝાને પણ બંને હાથ અને પગના ભાગે સામાન્ય ઈજાઓ થઈ હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત ડ્રાઈવર રજાકભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરત શહેરની સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન બપોરે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના સગા ઓસ્માનભાઈ દાઉદભાઈ જેડાની ફરિયાદના આધારે તડકેશ્વર પોલીસ સ્ટેશન ખાતે ટેન્કરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ગુનાની આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અજયકુમાર કનુજી ઠાકોર દ્વારા હાથ ધરવામાં આવી છે.

સરકાર ઓલપાડ કાંઠા સુગરના ખેડૂતોની શેરડીના બાકી 7થી 8 કરોડ રૂપિયા ચૂકવે

કાંઠા સુગરના 1700થી 1800 ખેડૂતોનાં નાણાં વર્ષ 2023-24થી બાકી, જયેશ દેલાડે મુખ્યમંત્રી અને સહકાર મંત્રીને દરમિયાનગીરી કરવા કરી માંગ

સુરતઃ વ્યારા સુગરમાં શેરડી ભરતા ખેડૂતોને સમયસર નાણાં નહીં મળવાના મુદ્દે રાજ્ય સરકારે દરમિયાનગીરી કરતાં દિવાળી પહેલાં 850 ખેડૂતના ખાતામાં રૂ.7.14 કરોડની રકમ જમા કરાવવાનો નિર્ણય જાહેર કર્યો છે. રાજ્યના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીની આ જાહેરાતથી વ્યારા સુગરના ખેડૂતોને રાહત મળવાની આશા જાગી છે.

જોકે, આ નિર્ણય બાદ ઓલપાડ કાંઠા સુગરના શેરડી ઉત્પાદક ખેડૂતોનાં બાકી નાણાંનો મુદ્દો પણ ફરી ચર્ચામાં આવ્યો છે.

સુરત જિલ્લાના ખેડૂત અને સહકારી આગેવાન જયેશભાઈ પટેલ (દેલાડ)એ સરકારના આ નિર્ણયને આવકારીને ઓલપાડ કાંઠા સુગરના ખેડૂતોને પણ સમાન ધોરણે ન્યાય આપવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ઓલપાડ કાંઠા સુગરના આશરે 1700થી 1800 ખેડૂતોને વર્ષ 2023-24થી શેરડીનાં નાણાં પેટે રૂ.7થી 8 કરોડની રકમ ચૂકવવાની બાકી છે.

અગાઉ ખેડૂતોને ટનદીઠ માત્ર રૂ.500થી 700 જેટલી રકમ ચૂકવવામાં આવી હતી, પરંતુ બાકીની રકમ હજુ સુધી મળી નથી. આ બાકી રકમને કારણે ઓલપાડ અને માંગરોળ તાલુકા તેમજ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના શેરડી ઉત્પાદક ખેડૂતો મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ ખેડૂતો કાંઠા સુગરમાં શેરડી પૂરી પાડતા હોવા છતાં લાંબા સમયથી તેમની મહેનતનાં નાણાંની રાહ જોઈ રહ્યા છે.

ગુજરાત સરકારે વ્યારા સુગરના ખેડૂતોનાં બાકી નાણાં ચૂકવવા ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક પર દબાણ કરીને ચૂકવણીની વ્યવસ્થા કરી છે, તેવી જ રીતે કાંઠા સુગરના ખેડૂતો માટે પણ મુખ્યમંત્રી અને સહકાર મંત્રીએ તાત્કાલિક દરમિયાનગીરી કરવી જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે, કાંઠા સુગરના ખેડૂતો પણ નાના અને સીમાંત ખેડૂત છે. ખેતીના ખર્ચ, બિયારણ, ખાતર, મજૂરી અને અન્ય આર્થિક જવાબદારીઓ વચ્ચે શેરડીનાં નાણાં લાંબા સમય સુધી અટવાઈ રહેતાં તેમની મુશ્કેલી વધી રહી છે.

છઠની ભીડ માટે ઉધનાથી બિહાર તરફ વધુ 6 સ્પે. ટ્રેન 7 અને 8 નવેમ્બરે ઉપડશે

ઝંઝારપુર, જયનગર અને મધુબની માટે કુલ 12 ફેરા

સામાન્ય ટિકિટ પર જ મુસાફરી કરી શકાશે

સુરતઃ લોક આસ્થાના મહાપર્વ છઠ પૂજા નિમિત્તે વતન તરફ જતા ઉત્તર ભારતીય મુસાફરોની ભારે ભીડને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સુરતના ઉધના રેલવે સ્ટેશનથી બિહારના વિવિધ વિસ્તારો તરફ વધુ 6 અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેનો સ્પેશિયલ ભાડાં સાથે દોડાવવામાં આવશે. મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનોમાં 24 જનરલ (અનરિઝર્વ્ડ) કોચ જોડવામાં આવ્યા છે, જેથી મુસાફરોને કોઈ અગાઉથી રિઝર્વેશન કે બુકિંગની જરૂર રહેશે નહીં અને તેઓ સામાન્ય ટિકિટ ખરીદીને સીધી મુસાફરી કરી શકશે.

કઈ ટ્રેન ક્યારે અને કયા સમયે ઉપડશે?

» ઉધના-ઝંઝારપુર-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09069/09070): આ ટ્રેન 7 નવેમ્બરના રોજ સવારે 05:30 વાગ્યે ઉધનાથી રવાના થશે અને બીજા દિવસે એટલે કે 8 નવેમ્બરના રોજ સાંજે 18:30 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. પરત ફરતી વખતે આ ટ્રેન 8 નવેમ્બરના રોજ રાત્રે 21 વાગ્યે ઝંઝારપુરથી ઉપડશે અને 9 નવેમ્બરે બપોરે 13:45 વાગ્યે ઉધના પરત આવશે. » ઉધના-જયનગર-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09043/09044): આ ટ્રેન 7 નવેમ્બરના રોજ રાત્રે 21:00 વાગ્યે ઉધનાથી રવાના થશે અને 9 નવેમ્બરના રોજ સવારે 10 વાગ્યે જયનગર પહોંચશે. પરત મુસાફરીમાં આ ટ્રેન 9 નવેમ્બરના રોજ બપોરે 13:00 વાગ્યે જયનગરથી ઉપડીને 11 નવેમ્બરે મોડી રાત્રે 1:45 વાગ્યે ઉધના પહોંચશે.

» ઉધના-જયનગર-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09051/09052): આ ટ્રેન 7 નવેમ્બરના રોજ રાત્રે 22:30 વાગ્યે ઉધના સ્ટેશનથી ઉપડશે અને 9 નવેમ્બરે સવારે 11:30 વાગ્યે જયનગર પહોંચશે. પરતની મુસાફરીમાં ટ્રેન 9 નવેમ્બરે બપોરે 14:30 વાગ્યે જયનગરથી રવાના થઈને 11 નવેમ્બરે વહેલી સવારે 3:15 વાગ્યે ઉધના આવી પહોંચશે. » ઉધના-ઝંઝારપુર-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09053/09054): આ ટ્રેન 8 નવેમ્બરના રોજ વહેલી સવારે 3:30 વાગ્યે ઉધનાથી રવાના થઈને 9 નવેમ્બરે સાંજે 16 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. પરત ફરતી વેળાએ ટ્રેન 9 નવેમ્બરે સાંજે 19 વાગ્યે ઝંઝારપુરથી ઉપડીને 11 નવેમ્બરે સવારે 8:15 વાગ્યે ઉધના પહોંચશે. » ઉધના-મધુબની-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09055/09056): આ ટ્રેન 8 નવેમ્બરના રોજ સવારે 7 વાગ્યે ઉધનાથી રવાના થશે અને 9 નવેમ્બરના રોજ સાંજે 19 વાગ્યે મધુબની સ્ટેશન પહોંચશે. પરત ફરતી વખતે આ ટ્રેન 9 નવેમ્બરે રાત્રે 23:30 વાગ્યે મધુબનીથી ઉપડશે અને 11 નવેમ્બરે સવારે 11:45 વાગ્યે ઉધના આવી પહોંચશે.

» ઉધના-જયનગર-ઉધના અનરિઝર્વ્ડ સ્પેશિયલ (ટ્રેન નં.09057/09058): આ ટ્રેન 8 નવેમ્બરના રોજ બપોરે 15 વાગ્યે ઉધનાથી રવાના થઈને 10 નવેમ્બરે વહેલી સવારે 4 વાગ્યે જયનગર પહોંચશે.

પરત મુસાફરીમાં આ ટ્રેન 10 નવેમ્બરે સવારે 7 વાગ્યે જયનગરથી ઉપડીને 11 નવેમ્બરે સાંજે 19:45 વાગ્યે ઉધના પરત ફરશે.

મિત્રએ જ મિત્રના ઘરમાં કબાટની તિજોરીમાંથી રૂ.3 લાખ ચોરી લીધા

દંપતી કામ અર્થે બહાર ગયું ત્યારે તક ઝડપી, સીસીટીવીમાં બેગ લઈને નીકળતો મિત્ર કેદ, ભેસ્તાન પોલીસમાં ફરિયાદ

સુરતઃ મિત્રતાના વિશ્વાસને લાંછન લગાવતો કિસ્સો ભેસ્તાન પોલીસ મથક વિસ્તારમાં સામે આવ્યો છે. મિત્રના ઘરે આશરો મેળવી તેની સાથે રહેતો યુવક જ ઘરમાંથી રૂ.3 લાખ રોકડની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી છે. દંપતી કામ અર્થે બહાર ગયું ત્યારે ઘરમાં એકલો રહેલો મિત્ર રોકડ રકમ લઈ રફુચક્કર થઈ ગયો હતો. સીસીટીવી ફૂટેજમાં તે બેગ લઈને ઘરેથી નીકળતો નજરે પડતાં સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

મૂળ બિહારના વતની અને હાલ ઉન ચંડાલ ચોકડી પાસે મારુતિનગરમાં ભાડાના મકાનમાં રહેતા ગુંજન શિવજી પાંડે ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં પત્ની અર્પિતા ઉપરાંત ગામનો મિત્ર શુભમકુમાર ફેકન શર્મા (ઉં.વ.21) પણ છેલ્લા કેટલાક સમયથી તેમની સાથે રહેતો હતો. ગત 4 નવેમ્બર, 2026ના રોજ સાંજે સાતેક વાગ્યે ગુંજનભાઈ અને તેમની પત્ની કામ અર્થે ઘરેથી બહાર ગયાં હતાં. તે સમયે શુભમ ઘરે જ હતો. રાત્રે આશરે 11 વાગ્યે દંપતી પરત ફર્યું ત્યારે ઘરનો દરવાજો બંધ હતો અને બારી પાસે ચાવી લટકતી હતી. ચાવીથી દરવાજો ખોલીને અંદર તપાસ કરતાં લાકડાંના કબાટમાં બનાવેલી નાની તિજોરી ખુલ્લી હાલતમાં મળી આવી હતી.

તિજોરીમાં રાખેલા રૂ.3 લાખ રોકડા ગાયબ જણાતાં દંપતીને ચોરી થયાની જાણ થઈ હતી. ત્યારબાદ શુભમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતાં તેનો મોબાઈલ ફોન બંધ આવતો હતો. આસપાસનાં સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસતાં શુભમ શર્મા સાંજે 7.55 વાગ્યાના અરસામાં બેગ લઈને ઘરેથી નીકળતો જોવા મળ્યો હતો. મિત્ર જ ઘરમાંથી રોકડ રકમ ચોરી કરી ફરાર થયો હોવાની શંકા આધારે ગુંજન પાંડેએ ભેસ્તાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ધનતેરસે રૂ.200...

સહિતના વૈશ્વિક પરિબળોને કારણે સોના-ચાંદીના ભાવમાં તાજેતરમાં વધઘટ જોવા મળી હતી. જોકે, સોનું તેની ઓલટાઈમ હાઈ સપાટી કરતાં નીચું હોવાથી ગ્રાહકો માટે ખરીદીની તક ઊભી થઈ હતી. બીજી તરફ દિવાળીની પરંપરાગત ખરીદીની સાથે લગ્નસરાની તૈયારીઓ પણ શરૂ થઈ હોવાથી જ્વેલરી બજારમાં સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. ધનતેરસના શુભ મુહૂર્તે સોના-ચાંદીની ખરીદી માટે સવારથી જ વિવિધ જ્વેલરી શોરૂમમાં ગ્રાહકોની અવરજવર વધી હતી.

ધનતેરસ નિમિત્તે પૂજા અને શુભ ખરીદી માટે 2 અને 5 ગ્રામના સોનાના સિક્કાની ખરીદીનો ટ્રેન્ડ યથાવત્ રહ્યો હતો. પરંપરાગત ખરીદીની સાથે રોકાણના હેતુથી સોનાના સિક્કા ઉપરાંત સોનાની લગડીની પણ સારી ખરીદી થઈ હતી. ચાંદીના સિક્કા અને ભગવાનનાં ચાંદીના આભૂષણોની પણ ગ્રાહકોએ ખરીદી કરી હતી. હિન્દુ પરંપરા અનુસાર ધનતેરસના શુભ મુહૂર્તમાં અનેક પરિવારોએ સોના-ચાંદીની ખરીદી કરી ડિલિવરી મેળવી હતી, જ્યારે કેટલાક ગ્રાહકોએ લાભ પાંચમના દિવસે ડિલિવરી મેળવવા માટે અગાઉથી બુકિંગ કરાવ્યું હતું.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરના જણાવ્યા અનુસાર, ધનતેરસના દિવસે જ્વેલરી શોરૂમમાં ગ્રાહકોની સારી ભીડ જોવા મળી હતી. લગ્નસરાના શુભ મુહૂર્ત ધરાવતા પરિવારો દ્વારા નવા ઓર્ડર નોંધાવવામાં આવ્યા હતા, તો કેટલાક પરિવારો તૈયાર ઘરેણાંની ડિલિવરી લેવા પણ પહોંચ્યા હતા.

આમ, ધનતેરસની પરંપરાગત ખરીદી, સોનામાં રોકાણ કરવાની વૃત્તિ અને આગામી લગ્નસરાની તૈયારીઓના ત્રિવેણી સંગમથી સુરતના જ્વેલરી બજારમાં આ વર્ષે ઉત્સાહજનક માહોલ જોવા મળ્યો હતો. એક જ દિવસમાં અંદાજે રૂ.200 કરોડના વેપાર સાથે ઝવેરીઓ માટે આ વર્ષની ધનતેરસ છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ ઘરાકી ધરાવતી સાબિત થઈ હતી.

CA ફાઉન્ડેશનમાં...

લેવાયેલી સીએ ફાઉન્ડેશન પરીક્ષાનું પરિણામ શુક્રવારે જાહેર કરવામાં આવ્યું છે. સુરતમાંથી પરીક્ષા આપનારા કુલ ૨,૮૦૪ વિદ્યાર્થી પૈકી ૫૮૩ વિદ્યાર્થીએ સફળતા મેળવી છે. ખાસ વાત એ છે કે સુરતના ત્રણ વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્ક મેળવીને શહેરનું ગૌરવ વધાર્યું છે.

તેજસ મોહતા સમગ્ર દેશમાં ચોથા ક્રમે રહ્યો છે, જ્યારે ભવ્ય ઝુનઝુનવાલાએ પાંચમો અને તુષ્ટિ હર્ષદકુમાર શાહે ૧૨મો ક્રમ મેળવ્યો છે. આ સિદ્ધિથી સુરતના શૈક્ષણિક ક્ષેત્રમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ICAI સુરત બ્રાન્ચ (WIRC)ના ચેરમેન સીએ રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે, ૬ નવેમ્બરના રોજ નવી દિલ્હી સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા સીએ ફાઉન્ડેશન પરીક્ષા-સપ્ટેમ્બર ૨૦૨૬નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર ભારતમાં આ પરીક્ષા કુલ ૧,૦૪,૨૪૦ વિદ્યાર્થીએ આપી હતી, જેમાંથી ૧૯,૭૩૬ વિદ્યાર્થી સફળ થયા છે. જ્યારે સુરતમાંથી પરીક્ષા આપનારા ૨,૮૦૪ પૈકી ૫૮૩ વિદ્યાર્થીએ સફળતા મેળવી છે.

આરસીઆઈના બે વિદ્યાર્થીએ ટોપ-20માં સ્થાન મેળવ્યું

સી.એ. રવિ છાવછરિયાના માર્ગદર્શન હેઠળ કાર્યરત આરસીઆઈના બે વિદ્યાર્થીએ રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. ભવ્ય ઝુનઝુનવાલાએ 400માંથી 356 ગુણ મેળવી પાંચમો રેન્ક, જ્યારે તુષ્ટિ શાહે 348 ગુણ સાથે 12મો રેન્ક મેળવ્યો છે. મૂળ રાજસ્થાનના ભવ્ય સહિત સંસ્થાના 300થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ થયા છે. અન્ય સફળ વિદ્યાર્થીઓમાં અભિષેક પંજાબીએ 336, નીલ માવાપુરીએ 331, પ્રાચી સુતરિયાએ 329, ધ્યેય અગ્રવાલ અને ધ્રુમી મહેતાએ 323, વંશ પરીકે 318 તથા આરવ શાહ અને ખ્યાતિ ગીતુવાલાએ 310 ગુણ મેળવ્યા છે.

પેનોરામિક એજ્યુકેશનના હર્ષિત કાસટનો 14મો રેન્ક

વેસુ સ્થિત પેનોરામિક એજ્યુકેશનના વિદ્યાર્થી હર્ષિત કાસટે 400માંથી 346 ગુણ મેળવી ઓલ ઇન્ડિયામાં 14મી રેન્ક મેળવ્યો છે. મૂળ રાજસ્થાનના નાગૌર જિલ્લાના છોટી ખાટુના હર્ષિતની આ સફળતા સંસ્થા માટે પણ ગૌરવરૂપ બની છે. સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓમાં નિષિકા બાહેતીએ 339, કનક શાહે 336, નમન જૈને 335, નિલય કપાસીયાવાલાએ 334, રાજવી ગોનાવાલાએ 332, અક્ષત શેઠે 328, ઓમ પટેલ અને કનિષ્કા શાહે 327, શુભમ અગ્રવાલે 326 તથા મનન રાવતે 323 ગુણ મેળવ્યા છે.

નિયમિત અભ્યાસથી પોતાની નબળાઈઓ ઓળખીને તેમાં સુધારો કર્યો


સીએ ફાઉન્ડેશનની તૈયારીમાં જૂનાં પ્રશ્નપત્રો ઉકેલવાની સાથે પોતાની ભૂલોનું વિશ્લેષણ કરવા પર ભાર મૂક્યો હતો. તેનાથી પ્રશ્નો પૂછવાની પદ્ધતિ અને પરીક્ષાના પેટર્નની વધુ સારી સમજ વિકસી હતી. નિયમિત અભ્યાસથી પોતાની નબળાઈઓ ઓળખીને તેમાં સુધારો કર્યો હતો. સમયનું યોગ્ય સંચાલન થવાથી મુખ્ય પરીક્ષા દરમિયાન પ્રશ્નો ઉકેલતી વખતે આત્મવિશ્વાસ જળવાઈ રહ્યો હતો.

હર્ષિત કાસટ - ઓલ ઇન્ડિયા 14મો ક્રમ

વાલોડની કોપર...

કોપર સુગરમાં ગરમ અને ઠંડા પાણીની બે ટાંકીઓ એકાએક તૂટી પડતાં ઘટના સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અચાનક તૂટી પડેલી બંને ટાંકીનું મેઈન્ટેનન્સ થોડાં સમય પહેલા જ થયું હોવાનું કહેવાય છે. ત્યારે ગરમ પાણી અને ઠંડા પાણીની બંને ટાંકીની મેઈન્ટેનન્સ કામગીરી સામે ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. ગતરોજ સાંજના સમયે આ ઘટનામાં દાદરીયાના ધર્મેશભાઈ ભીખુભાઈ પટેલ (ઉં.વ.35), કલકવાના અરુણભાઈ છોટુભાઈ પટેલ (ઉં.વ.56) દટાયા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં જ વાલોડ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શીતલબા સોલંકી તેમજ પોલીસ સ્ટાફના માણસો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સ્થાનકોની ભીડ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. ત્યાં ઉપસ્થિત સૌને પોલીસે દૂર કરી બે ક્રેઈનની મદદથી લોખંડની ટાંકી દૂર કરી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વાલોડ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શોકના માહોલ વચ્ચે આગેવાનો ઠંડાં પીણાંની મજા માણતા જોવા મળ્યા



દાદરીયા કોપર સુગરમાં ટાંકી ધરાશાયી થતા જ પ્રમુખ કેતન પટેલ (ચલથાણ) સહિત ભાવેશ પટેલ (બાબેન), જીતુભાઇ પટેલ (બામણી) તેમજ જીતુ વાંસિયા, સમીર ભક્ત સહિતના સહકારી આગેવાનો ત્યાં દોડી આવ્યા હતા. પરંતુ શોકના માહોલ વચ્ચે દાદરિયા સુગરના સત્તાધીશો ઠંડાં પીણાંની મજા માણતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની ગંભીરતા અંગે જાણે જવાબદારી જ ન હોય તેમ ઠંડાં પીણાંની મજા માણતા સુગરના સત્તાધીશો સામે લોકો ફિટકાર વરસાવી રહ્યા છે. એક તરફ લાપતા થયેલા મજૂરોના ઘરમાં શોકનો માહોલ છે. ત્યારે સત્તાધીશો ઠંડું પીવામાં મશગુલ હોય એ કેટલી હદે યોગ્ય કહેવાય.

કાળી ચૌદશે...

આવે છે. લોકમાન્યતા પ્રમાણે મીઠું નકારાત્મક ઊર્જા શોષી લે છે. ઘરમાં અનિષ્ઠ તત્વો પ્રવેશતા નથી તેથી મીઠાંના સાથિયા ઘરના આંગણામાં પૂરવાથી નકારાત્મકતા દૂર રહે છે તેવી માન્યતા છે. એક માન્યતા એવી છે કે, મેલી વિદ્યાના સૌથી વધુ પ્રયોગ કાળી ચૌદશે કરવામાં આવે છે. લોકવાયકા પ્રમાણે આવું બ્લેક મેજિકની અસર પુરુષો પર વધારે થતી હોવાથી ઘરમાં જેટલા પુરુષ હોય તેટલા આખા મીંઠાના સાંથિયા પૂરવામાં આવે છે અને જો કોઇને સાંથિયો પૂરતા નહીં આવડે તો ઘરમાં જેટલા પુરુષ હોય તેટલી મીઠાંની ઢગલી કરવામાં આવે છે.

બેસતાં વર્ષે સબરસ ખરીદી તેમાં આ મીઠું ઉમેરી દેવામાં આવે છે.

બેસતા વર્ષના દિવસે 'સબરસ લો સબરસ, આ બેસતાં વર્ષની સબરસ આ આજ સવારની બરકત' એવી બૂમો મળસ્કે જ સાંભળવા મળે છે. આ સબરસ એટલે આખું મીઠું, જે શુભ ગણવામાં આવે છે. પહેલાના જમાનામાં દળેલું મીઠું હતું જ નહીં. આખું મીઠું જ મળતું હતું. જે વર્ષનું સાથે ભરવામાં આવતું હતું. આ મીઠાં સાથે સાંથિયાનું આખું મીઠું ભેળવી દેવામાં આવતું હતું. એવું કહેવાતું હતું કે, અન્ન બને ત્યારે સ્વાદ અને રસ નહીં હોય તો ચાલે પરંતુ મીઠું નહીં હોય તો નહીં ચાલે એટલે આ મીઠાંને વર્ષ દરમિયાન પરિવારમાં સમરસતા જળવાઇ રહે તેટલા માટે પણ ભરવાની પરંપરા હતી.

શ્રોફ પરિવારની...

શ્રોફ ઓસ્ટ્રેલિયામાં રહે છે. ત્યાં પણ તેમણે આ પરંપરા જાળવી રાખી છે. તેમનો પરિવાર દરેક ચૌદશે આ પ્રકારે મીંઠાના સાંથિયા આંગણામાં પૂરે જ છે.

મહિધરપુરાની દરેક...

નાગરશેરી, મણિયારા શેરી, વાણિયા શેરી, ગલેમંડી મોટીશેરી, ગુંદીશેરી. કુંભારશેરી, લિંબુશેરી, કંસારાશેરી, ઘીયાશેરી, જદાખાડી દાળિયા શેરી, દૂધારાશેરી, મપારાશેરી, ભઠ્ઠીશેરી, પપળાં શેરી સહિતની શેરી અને મહોલ્લા આવેલા છે જેમાં દરેક શેરીમાં આજે કાળી ચૌદસના દિવસે મીઠાંના સાંથિયા પૂરવામાં આવશે અથવા ઢગલી કરવામાં આવશે.

આજે કાળી...

તૈયારીઓ અને રોશનીનો માહોલ જોવા મળશે, તો બીજી તરફ કાળી ચૌદસની આ પ્રાચીન પરંપરાઓ પણ લોકોની આસ્થાનું કેન્દ્ર બનશે. આમ આધુનિક સમયગાળામાં પણ શહેરના અનેક પરિવારો કાળી ચૌદસના દિવસે પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાઓનું જતન કરતા જોવા મળે છે.

વણેસામાં અઢી...

આશરે અઢી વર્ષની દીપડી છે અને તે કોઈ શિકારની તાકમાં બેઠી છે. થોડીવાર બાદ દીપડી ધીમા પગલે આગળ વધીને એક નોળિયા પાસે પહોંચી હતી અને તેના પર કૂદકો મારીને શિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, શિકાર બનવાને બદલે માત્ર અઢી ફૂટના નોળિયાએ હિંમતભેર વળતો હુમલો કરી દીધો હતો. બંને પ્રાણીઓ વચ્ચે થયેલી આ લડાઈમાં નોળિયાએ દીપડીનું મોં પકડી લીધું હતું અને તેને બે ગુલાટી ખવડાવી દીધી હતી. આટલેથી ન અટકતાં નોળિયો દીપડીથી ડરીને ભાગવાને બદલે તેના તરફ જ આક્રમક રીતે આગળ વધ્યો હતો. નોળિયાના આ રૌદ્ર સ્વરૂપ અને વળતા પ્રહારથી ગભરાઈને દીપડી પોતાનો જીવ બચાવીને શિકાર કર્યા વિના જ ત્યાંથી પલાયન થઈ ગઈ હતી. ચારથી પાંચ મિનિટ સુધી ચાલેલી આ અદભૂત લડાઈને જતીન રાઠોડે પોતાના કેમેરામાં શૂટ કરી લીધી હતી. આ ઘટનાનો વિડીયો જોઈને વન્યજીવ પ્રેમીઓ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. આ દૃશ્યોએ સાબિત કરી દીધું છે કે લડાઈમાં કદ ભલે નાનું હોય, પરંતુ જો હિંમત અને બહાદુરી હોય તો મોટા અને ખુંખાર શિકારીઓએ પણ પાછા પગ કરવા પડે છે.

આજે કાળી...

મંદિરે અનોખો માહોલ જોવા મળે છે, જ્યાં લાઈટો બંધ રાખી માત્ર દીવાના પ્રકાશમાં માતાજીનાં દર્શન કરાવવાની વર્ષો જૂની પરંપરા આજે પણ અકબંધ છે.

કાળી ચૌદશનું વિશેષ મહત્વ અને અનોખી દર્શન પરંપરા

મંદિરનાં પૂજારી જયેશભાઇ મહંતના જણાવ્યા મુજબ, કાળી ચૌદશના દિવસે માતાજીનાં દર્શનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ દિવસે માતાજીના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. અહીં દર્શન માટે ભક્તોની એક કિલોમીટરથી પણ લાંબી કતારો લાગે છે અને અંદાજે 10 હજારથી વધુ શ્રદ્ધાળુઓ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવે છે. આ દિવસની સૌથી ખાસ વાત રાત્રિની વિશેષ પરંપરા છે. કાળી ચૌદશની રાત્રિના દર્શન દરમિયાન મંદિરની લાઇટો બંધ રાખવામાં આવે છે અને માત્ર દીવાઓના પવિત્ર પ્રકાશમાં જ ભક્તોને માતાજીનાં દર્શન કરાવવામાં આવે છે. આ અદભુત અને અલૌકિક પરંપરાને આજે પણ પૂરા ઉત્સાહથી જાળવી રાખવામાં આવી છે.

શ્રદ્ધા અને રક્ષણનું પ્રતીક

સુરતના જૂના શહેરના પરિવારોની પેઢીઓથી આ મંદિર સાથે આસ્થા જોડાયેલી છે. માતાજીને શક્તિ અને રક્ષણનાં પ્રતીક તરીકે પૂજવામાં આવે છે. કાળી ચૌદશ ઉપરાંત નવરાત્રિ સહિતના અનેક ધાર્મિક પ્રસંગોએ અહીં ભક્તોની ભવ્ય ભીડ જોવા મળે છે, જે સુરતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને ધાર્મિક વિરાસતની પ્રતીતિ કરાવે છે.

400 વર્ષથી આઠ પેઢીઓ નિભાવે છે સેવા-પૂજાની પરંપરા

આ મંદિરની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં છેલ્લા આશરે 400 વર્ષથી એક જ પરિવારની આઠ પેઢીઓ દ્વારા માતાજીની નિષ્ઠાપૂર્વક સેવા-પૂજા કરવામાં આવી રહી છે. મંદિર સાથે જોડાયેલો આ પરિવાર પરંપરાગત રીતે તમામ વિધિઓ અને પૂજાવિધાન સંભાળતો આવ્યો છે.